પુસ્તક 33

અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૧ - ભાદરવા સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

## જ્ઞાનભંડારોના .......A, B, C, D ગ્રુપમાં વર્ગીકરણ

● વર્તમાનમાં ચારે'ય ફીરકાના મળીને ૧૫ હજારથી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતો છે. લગભગ ૧૨૦૦ થી અધિક સ્થાનોમાં ચાતુર્માસ થાય છે. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને ચોમાસામાં તેમજ શેષકાળમાં વિહાર દરમ્યાન અભ્યાસોપયોગી પુસ્તકોની આવશ્યક્તા રહે છે. સંયમધર્મની મર્યાદા અનુસાર અને જૈનસાહિત્યની વિપુલતા અને વિવિધતાને કારણે બધુ સાહિત્ય એક સાથે લઇને ફરવું શક્ય નથી. તેથી જે તે સંઘોમાં ક્ષેત્રાનુસાર વિશાળ અને સમૃદ્ધ જ્ઞાનભંડાર હોય તે જરૂરી છે.

● નવા જ્ઞાનભંડાર બનાવવા માટે આપણી પાસે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુરૂપ કેવો જ્ઞાનભંડાર બનાવવો તેનું વિઝન લક્ષ્ય હોવું જરૂરી છે. સામાન્યથી જ્ઞાનભંડારનું આ પ્રમાણે વર્ગીકરણ કરી શકાય.

(A) જ્યાં પૂજ્યોનું વિચરણ ઓછું હોય તેવા ક્ષેત્રમાં શ્રાવક ઉપયોગી વાંચન, પ્રવચન, વાર્તા વગેરે તથા શ્રાવકોપયોગી જીવવિચાર-કર્મગ્રંથ સૂત્રો વિધિવિધાન-પૂજા વિવેચનોના પુસ્તકો રાખી શકાય.

(B) આપણે ત્યાં ઘણી પ્રકાશન સંસ્થાઓ જ્ઞાનદ્રવ્યથી પુસ્તકો છપાવતા હોય છે. તથા કોઇપણ જ્ઞાનભંડારને વિનામૂલ્યે ભેટ આપતા હોય થે. એ પ્રકાશન સંસ્થાઓ તેમજ ગુરુભગવંતોને પત્ર લખવાથી પુસ્તકો ભેટ મળી શકે છે. જેના લીધે પૂજ્યોના અભ્યાસ ઉપયોગી પુસ્તકો ઉપલબ્ધ બને .

(C) ઉપરના પુસ્તકો સિવાય ચારે'ય ફીરકાના આગમગ્રંથો, ન્યાયદર્શનના પુસ્તકો, શિલ્પ-જ્યોતિષ, ધર્મ, સંસ્કૃતિ, ઇતિહાસ તથા વિવિધ શબ્દકોષો જ્ઞાનદ્રવ્યથી કે સ્વદ્રવ્યથી વસાવવા જોઇએ. એ માટે દર વર્ષે ૨૦-૨૫ હજાર જેટલી તો ખરીદી પૂ. ગુરુભગવંતોના માર્ગદર્શન અનુસાર અવશ્ય કરવી જાઇએ. તો જ શ્રીસંઘનો જ્ઞાનભંડાર ઉપયોગી પુસ્તકોથી સમૃદ્ધ બની શકે.

(D) ઉપરોક્ત પુસ્તકો ઉપરાંત અન્ય સર્વ ધર્મીય ગ્રંથો જેવા કે વેદો, પુરાણો, બુદ્ધના ત્રિપિટકો, બાઇબલ-કુરાન વગેરે ગ્રંથો, સાહિત્ય-કલાના વિશ્વસ્તરીય ગ્રંથો તેમજ અનેક હસ્તલિખિત જ્ઞાનભંડારોના કેટલોગ ખરીદીને વસાવવા જોઇએ. આવા જ્ઞાનભંડારો માટે અદ્યતન કોમ્પ્યુટર પ્રોગ્રામસાથે કેળવાયેલો સ્ટાફ જોઇએ. અને તેઓ ઉદારતાપૂર્વક સંગ્રહ કરેલી માહિતિ બધાને આપે.

(E) **આધુનિક જ્ઞાનભંડાર :-** જ્ઞાનભંડારના બધા જ પુસ્તક-પ્રતોના સંગ્રહને વિશિષ્ટ કક્ષાનો બનાવવા માટે કોમ્પ્યુટર અને પ્રીન્ટીંગ મશીન રાખવું જરૂરી છે. અભ્યાસોપયોગી ગ્રંથોની ડીજીટલ પીડીએફ ફાઇલો બનાવીને ડીવીડી અથવા તો વેબસાઇટ ઉપર ઘણી સંસ્થાઓએ પ્રકાશિત કરી છે. વેબસાઇટ ઉપર રહેલ અભ્યાસ ઉપયોગી, રેફરન્સ અને સંશોધનોપયોગી બધાજ ગ્રંથોનો ડીજીટલ સંગ્રહ ડાઇનલોડ કરી જ્ઞાનભંડારોનો ડીજીટલ માસ્ટર કેટલોગ બનાવવો જોઇએ અને જે પણ ગુરુભગવંતોને જરૂરી હોય તે પુસ્તકો જરૂર મુજબ પ્રિન્ટ કઢાવીને તેઓની ભક્તિનો લાભ લઇ શકાય. પૂર્વમુદ્રિત અને વર્તમાનમાં પ્રાયઃ અપ્રાપ્ય એવા અભ્યાસોપયોગી પુસ્તકોનું પણ સ્કેનીંગ કરીને ડીજીટલ પીડીએફ નો સંગ્રહ કરી શકાય અને જ્યારે પણ કોઇપણ ગુરુભગવંતોને એક સાથે વાંચન-અભ્યાસ માટે ૫-૧૦-૧૫ નકલની જરૂર હોય તો પ્રિન્ટ નકલ પૂરી પાડી શકાય.

આવી ડીજીટલ સંગ્રહની ઇ-લાયબ્રેરી એ આજના જમાનાની આગવી જરૂરિયાત છે. અને તેને લીધે ઘણા બધા બિનજરૂરી પ્રિન્ટીંગ કાગળોનો બચાવ થશે. અને આમાં ઓછા રોકાણમાં ખૂબ જ ઉત્તમકક્ષાનો માટો લાભ લઇ શકાય છે.

લી. શા બાબુલાલ સરેમલ બેડાવાળાની વંદના

" दासोऽहं सर्वसाधूनाम् "

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | સાચો શૂરવીર-ભાગ - ૨ (ઇન્દ્રીય પરાજય શતક) | આ. જયઘોષસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨ | વંદના પાપનિકંદના | આ. જયઘોષસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩ | સુમતિસુધા (૭૦ વિશિષ્ટ ચિંતન) | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ |
| ૪ | ત્રિશષ્ટિશલાકા પુરુષ-પર્વ-૧ | આ. શીલચંદ્રસૂરિજી | સં. | હેમચંદ્રાચાર્ય નવમશતાબ્દિ |
| ૫ | ત્રિશષ્ટિશલાકા પુરુષ-પર્વ-૨, ૩, ૪ | આ. શીલચંદ્રસૂરિજી | સં. | હેમચંદ્રાચાર્ય નવમશતાબ્દિ |
| ૬ | શાંત સુધારસ ગ્રંથ | આ. શ્રેયાંશપ્રભસૂરિજી | સં. | સ્મૃતિ મંદિર પ્રકાશન |
| ૭ | ધર્મ બિન્દુ પ્રકરણ-ભા-૧, ૨ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૮ | દશવૈકાલિક સૂત્ર-ભા-૪, ૫, ૬ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૯ | ત્રિશષ્ટિશલાકા પુરુષ ભા-૧ થી ૬ પર્વ ૧ થી ૧૦ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૧૦ | કથા અને કથા બિંદુ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૧૧ | પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ(સચિત્ર) | પૂ. રમ્યદર્શનવિજયજી | હિં | મોક્ષપથ પ્રકાશન |
| ૧૨ | પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ(સચિત્ર) | પૂ. રમ્યદર્શનવિજયજી | ગુજ. | મોક્ષપથ પ્રકાશન |
| ૧૩ | વિચારો-વિરામો | પૂ. રમ્યદર્શનવિજયજી | ગુજ. | મોક્ષપથ પ્રકાશન |
| ૧૪ | વિચાર કરેં.... વિરામકરે... | પૂ. રમ્યદર્શનવિજયજી | હિં | મોક્ષપથ પ્રકાશન |
| ૧૫ | થીંક એન્ડ સ્ટોપ | પૂ. રમ્યદર્શનવિજયજી | અં. | મોક્ષપથ પ્રકાશન |
| ૧૬ | યાત્રા ! સંઘર્ષ થી સમાધાન તરફ | પૂ. રમ્યદર્શનવિજયજી | ગુજ. | મોક્ષપથ પ્રકાશન |
| ૧૭ | વૈરાગ્યધારા (વૈરાગ્ય શતક) (કાવ્યાનુવાદ સાથે) | પૂ. હિતવર્ધનવિજયજી | ગુજ. | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૧૮ | વૈરાગ્ય પતાકા (ઇન્દ્રીય પરાજય શતક) | પૂ. હિતવર્ધનવિજયજી | ગુજ. | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૧૯ | સુક્ત મુક્તાવલિ | આ. જયાનંદસૂરિજી | સં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૨૦ | વિદ્યાવિલાસ કથાનક | આ. જયાનંદસૂરિજી | સં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૨૧ | ગોલ્ડન પાથ ટુવાર્ડસ નિર્વાણ | પૂ. નિર્વાણભૂષણવિજયજી | અં | પ્રભાબેન ચીનુભાઇ શાહ |
| ૨૨ | જૈનીઝમ ફોર બીગીનર્સ ભા-૧, ૨, ૩ | સા. સંયમપૂર્ણાશ્રીજી | હિં | |
| ૨૩ | ધ રીયલ યુનિવર્સ ભા-૧ થી ૫ (સર્વજ્ઞ કથિત બ્રહ્માંડ) | પૂ. ચારિત્રરત્નવિજયજી | હિં | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૨૪ | પાઠશાળા | પૂ. ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણ પ્રધાન જૈન સંઘ |
| ૨૫ | જય સંસ્કૃત ભા-૧ થી ૪ | પૂ. રત્નભાનુવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૬ | માનવતા (કોમેડી એન્ટ ટ્રેજેડી) | પ્રિયમ | ગુજ. | નવભારત સાહિત્ય મંદિર |
| ૨૭ | ચાલો જીવન સફળ કરીએ | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૮ | શેઠનો બંગલો | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૯ | ભજ પ્રભુને ઘડી બે ઘડી | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૩૦ | તપોવન | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૧ | શિક્ષણના દૂધમાં સંસ્કારની સાકર | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૨ | જમણવાર | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૩ | આજ આનંદ ભયો | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૪ | સસ્પેન્સ | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૫ | છત્તીસગઢીયા સબસે બઢીયા | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૬ | પસંદગી | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૭ | મારે સી. એ. બનવુ છે. | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૮ | વિદર્ભનો વૈભવ | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૯ | હસતા રહો | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૦ | ઇતને દિન તુમનાહી પીછાણ્યો | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૧ | મ્યુઝીયમ | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૨ | કરામાત કોમ્પ્યુટરની | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૩ | આનંદ-મંગલ | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૪૪ | કૈલાસશ્રુતસાગર ગ્રંથ સૂચી ભા-૧૭, ૧૮ | નવીનભાઇ જૈન | સં. | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૪૫ | મારગ સાચા કૌન બતાયે | આ. ભદ્રગુપ્તસૂરિજી | ગુજ | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૪૬ | જીવન ધર્મ | આ. ભદ્રગુપ્તસૂરિજી | ગુજ | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૪૭ | સમાધાન | આ. ભદ્રગુપ્તસૂરિજી | ગુજ | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૪૮ | તારા દુઃખને ખંખેરી નાખ | આ. ભદ્રગુપ્તસૂરિજી | ગુજ | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૪૯ | સમરાદિત્ય મહા કથા ભા-૧ થી ૯ | આ. ભદ્રગુપ્તસૂરિજી | હિં | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૫૦ | સંશય સબ દૂર ભયો | આ. પદ્મસાગરસૂરિજી | હિં | અરૂણોદય ફાઉન્ડેશન |
| ૫૧ | ચેતન ની કેડી | આ. પદ્મસાગરસૂરિજી | ગુજ | અરૂણોદય ફાઉન્ડેશન |
| ૫૨ | જૈન ગચ્છ મત પ્રબંધ | પૂ. કલ્યાણપદ્મસાગરજી | ગુજ | મહાવીર જૈન આરા. કેન્દ્ર |
| ૫૩ | ધર્મ શરણં પ્રવજ્જામી ભા-૧ થી ૪ | આ. ભદ્રગુપ્તસૂરિજી | ગુજ | મહાવીર જૈન આરા. કેન્દ્ર |

સરસ્વતી લબ્ધિપ્રસાદ પૂ. આ. શ્રીરત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. દ્વારા ૩૩ વર્ષોથી વિવિધ વિષયોના ઘણા બધા પુસ્તકોનું સર્જન કરવામાં આવેલ છે. જેમાં લોકભોગ્ય વિષયો ક્રોધ, માનવતા, શિક્ષણ માર્ગાનુસારિના ગુણો, સમાધિ, પ્રભુ ભક્તિ વગેરેનો સમાવેશ થાય છે. તેમજ કૌટુંબિક જીવનના પતિ-પત્નીના સંબંધો, પિતા, પુત્ર, ભાઇ, દિકરી, પુત્રવધુ વગેરેને ઉપદેશીને પણ નિરૂપણ કરવામાં આવેલ છે. અને તેમના પુસ્તકો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા સિવાય પણ અન્ય ભાષા જેવીકે ઉર્દુ, બંગાળી, સિંધી, મરાઠી, તમિલ, કન્નડ અને ફ્રેન્ચ વગેરેમાં પણ અનુવાદો પ્રકાશિત થયા છે.

અનુસંધાન.... પાન નં-૭ ઉપર

## संशोधन पुनःमुद्रण योग्य प्रताकार ग्रंथो

ગત વર્ષે અંક-૨૮ માં અમોએ સંશોધન અને પુનઃમુદ્રણ યોગ્ય ગ્રંથોની યાદી આપી હતી. તે જ શૃંખલામાં પૂર્વે પ્રતાકાર પ્રકાશિત નીચેના હાલ ગ્રંથો પ્રાયઃ અપ્રાપ્ય છે.

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા / ટીકાકાર | ભાષા | પૂર્વ પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | આચાર દિનકર-૧ | પૂ. વર્ધમાનસૂરિજી | સં | નિર્ણયસાગર પ્રેસ |
| ૨ | આચાર દિનકર-૨ | પૂ. વર્ધમાનસૂરિજી | સં | નિર્ણયસાગર પ્રેસ |
| ૩ | અધ્યાત્મકલ્પદ્રુમ | પૂ. મુનિસુંદરસૂરિજી | સં | દેવચંદ લાલભાઇ |
| ૪ | ઉત્તરાધ્યયન સૂત્ર-૧ | પૂ. શાંતિસૂરિજી | સં | દેવચંદ લાલભાઇ |
| ૫ | ઉત્તરાધ્યયન સૂત્ર-૨ | પૂ. શાંતિસૂરિજી | સં | દેવચંદ લાલભાઇ |
| ૬ | ઉત્તરાધ્યયન સૂત્ર-૩ | પૂ. શાંતિસૂરિજી | સં | દેવચંદ લાલભાઇ |
| ૭ | ગણધર સાર્થશતક | ચારિત્રસુંદર ગણિ | સં | ચુનીલાલ પનાલાલ |
| ૮ | ગાંગેયપ્રકરણ-અવચૂરિ | વિજય ગણિ | સં | જૈન આત્મવીર સભા |
| ૯ | જ્ઞાનસાર-અષ્ટકમ્ | ઉપા. યશોવિજયજી | સં | વાડીલાલ મહોકમભાઇ |
| ૧૦ | તત્વાર્થસૂત્ર-ભાષ્ય | ઉમાસ્વાતિજી | સં | ઋષભદાસ કેશરીમલ |
| ૧૧ | દર્શન રત્ન રત્નાકર-૧ | પૂ. ઇન્દ્રનંદિસૂરિજી | સં | જૈન સાહિત્યવર્ધક સભા |
| ૧૨ | દર્શન રત્ન રત્નાકર-૨ | પૂ. ઇન્દ્રનંદિસૂરિજી | સં | જૈન સાહિત્યવર્ધક સભા |
| ૧૩ | દર્શન રત્ન રત્નાકર-૩ | પૂ. ઇન્દ્રનંદિસૂરિજી | સં | જૈન સાહિત્યવર્ધક સભા |
| ૧૪ | ધર્મ સંગ્રહણી-૧ | પૂ. મલયગિરિસૂરિજી | સં | દેવચંદ લાલભાઇ |
| ૧૫ | ધર્મ સંગ્રહણી-૨ | પૂ. મલયગિરિસૂરિજી | સં | દેવચંદ લાલભાઇ |
| ૧૬ | નિગોદ ષટ્ત્રિંશિકા | પૂ. રત્નસૂરિજી | પ્રા | હીરાલાલ હંસરાજ |
| ૧૭ | પ્રવચન સારોધ્ધાર-૧ | પૂ. નેમિચંદ્રસૂરિજી | સં | ભારતિય પ્રાચ્ય તત્વ પ્રકાશન |
| ૧૮ | પ્રવચન સારોધ્ધાર-૨ | પૂ. નેમિચંદ્રસૂરિજી | સં | ભારતિય પ્રાચ્ય તત્વ પ્રકાશન |
| ૧૯ | બૃહદક્ષેત્ર સમાસ-સટીક | પૂ. મલયગિરિસૂરિજી | સં | જૈન ધર્મ પ્રસારક સભા |
| ૨૦ | યુક્તિ પ્રબોધ | મેઘવિજયજી | સં | ઋષભદાસ કેશરીમલ |
| ૨૧ | યોનિસ્તવ | પૂ. ધર્મઘોષસૂરિજી | સં | આત્માનંદ જૈન સભા |
| ૨૨ | રયણ સેહરનીવકહા | જિનહર્ષગણિ | પ્રા | જૈન આત્માનંદ સભા |

**પ્રાયઃ અપ્રાપ્ય પુનઃમુદ્રણ યોગ્ય ગ્રંથોની વધુ વિગત અંક-૩, ૮, ૧૭, ૨૩, ૨૮ માં આપેલી છે તે પૈકી જે પણ ગ્રંથનું કાર્ય આપ કરો તેની જાણ અમોને અવશ્ય કરશો જેથી પુનરાવર્તન ન થાય. તથા કોંક ગ્રંથો ક્યાંકથી છપાઇ ગયા હોય અને અમને પછીથી જાણ થાય તો આપને યથા યોગ્ય જાણકારી આપી શકીએ.**

---

પૂજ્ય ગુરુભગવંતોને તેમજ જિજ્ઞાસુ શ્રાવકોને શ્રુતભક્તિ થી પ્રેરાઇને સ્વદ્રવ્યથી અહો શ્રુતજ્ઞાનમ્ માસિકના અંકો મોકલવામાં આવેલ છે. તે આપને જરૂર હોય તો કાયમી ફાઇલમાં સંગ્રહ કરશો પરંતુ વાંચ્યા પછી જરૂર ન હોય તો અમોને પરત મોકલી શકાશે પરંતુ, મહેરબાની કરીને પરઠવશો નહીં.

## ઋણ સ્વીકાર અને ક્ષમાપના

આ વર્ષે પાઠશાળાના અભ્યાસક્રમ અંગે વિચારણા નો લેખ (તત્વજ્ઞાન પરિષદના જુન-૨૦૧૫માં પ્રકાશિત) તેમજ પંચમસમિતિના પાલનની સમીક્ષાનો લેખ અમોએ બધા જ આચાર્ય ભગવંતોને મોકલ્યો હતો. અમદાવાદ અને સુરતમાં બિરાજમાન બધા જ ગુરુભગવંતો સાથે આ અંગે રૂબરૂમાં પણ ચર્ચા વિચારણા થઇ હતી. ગુરુભગવંતોના આશીર્વાદ અને માર્ગદર્શન દ્વારા વર્તમાન સંજોગોમાં આ અંગેનો યોગ્ય ઉપાય પણ સૂચવ્યો હતો. શાસનની આજના સમયની સમસ્યાની ગંભીરતાને લક્ષ્યમાં લઇને ઘણા બધા ગુરુભગવંતો એ ત્વરિત પોઝીટીવ જવાબ અને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યુ હતું તે સર્વે ગુરુભગવંતોનો અંતઃકરણ પૂર્વક ઋણ સ્વીકારીએ છીએ. અમારા બંને લેખમાં તેમજ અહો ! શ્રુતજ્ઞાનમ્ ના માસિક દ્વારા શાસ્ત્ર વિરુદ્ધ કોઇપણ પ્રરૂપણા થઇ હોય કે જાણતા અજાણતા કોઇનું પણ મન દુઃખ થયું હોય તો સર્વેને મન વચન કાયાથી મિચ્છામિ દુક્કડમ્

## શ્રુતોપાસના - અનુમોદના

પૂજ્ય જગચ્ચંદ્રસૂરિજી મ.સા.(ડહેલાવાળા) ના શિષ્યરત્ન પૂ.કલ્પજ્ઞવિજયજી મ.સા.ની પ્રેરણાથી ચાતુર્માસ દરમ્યાન સુરત કતારગામસંઘ દ્વારા વાંચન આંદોલનનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં જુદા જુદા વિષયોના ૨૫ પુસ્તકોમાંથી સંઘના શ્રાવક-શ્રાવિકાઓ-બાળકોએ રોજના ૧૫ મિનિટ એક પુસ્તક વાંચવાનું હોય છે. અને વાંચન પછી દરેક વ્યક્તિએ પોતાનો અનુભવ લખવાનો હોય છે. આ રીતે વાંચવાનો શોખ-ટેવ પેદા કરવા માટેનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. તેમજ શ્રાવકો દ્વારા શ્રુતજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન માટે તેઓના દ્વારા સંપાદિત-પ્રકાશિત પુસ્તકોની યાદી સાથેની પ્રવચનમાળાનું આયોજન તા. ૨ થી ૪ ઓક્ટોબર દરમ્યાન રાખવામાં આવેલ છે.

## પ્રાચીન લિપિ શીખવાના વર્ગો

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા દર વર્ષે પૂજ્ય સાધ્વીજી ભગવંતોને પ્રાચીન લિપિ શીખવવા માટેનું સાબરમતીમાં આયોજન કરવામાં આવે છે. વધુ સંખ્યામાં લાભ મળી શકે તે માટે આ વખતે પાલડી વિસ્તારમાં શ્રી પંકજ જૈન સંઘ - માણસાવાળા જ્ઞાનમંદિરમાં તા.૨૧-૯-૨૦૧૫ થી તા.૨૧-૧૦-૨૦૧૫ સુધી ડૉ પ્રીતિબેન એન.પંચોલી (ભુતપૂર્વ અધ્યક્ષ - હસ્તપ્રત વિભાગ એલ.ડી.ઇન્સ્ટી.) ના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિશાળ સંખ્યામાં સાધ્વીજી ભગવંતો તથા શ્રાવિકાઓ જોડાયા છે.

## BOOK-FEST - 2015

પૂ.જગચ્ચંદ્રસૂરિજી મ.સા. (ડહેલાવાળા)ના માર્ગદર્શનથી શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ દ્વારા બુક ફેસ્ટ-૨૦૧૫ નું ૧૨ ડિસેમ્બર થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૫ સુધી આયોજન કરવામાં આવેલ છે. જેમાં જૈન તત્વજ્ઞાનના વિવિધ સ્ટોલ્સ દ્વારા ઓડીયો-વીડીયોના માધ્યમથી બાળકો-મહિલાઓને વિશિષ્ટ જ્ઞાન આપવામાં આવશે. તેમજ વિવિધ વિષયોના વિશાળ પુસ્તકોનું પ્રદર્શન-વેચાણ પણ રાખવામાં આવેલ છે.

# ગ્રંથના પુનમુદ્રણ સંબંધી કેટલીક વિચારણા

મુદ્રણ યુગ આવ્યા પૂર્વે આપણા પૂર્વાચાર્યોએ અથાક પરિશ્રમ કરીને જૂના રચાયેલા અનેક ગ્રંથોની ઘણી બધી હસ્તલિખિત પ્રતિઓ કરાવી પ્રાચીન શ્રુતવારસાને જાળવવાના પ્રયત્નો કર્યા છે. પૂજ્ય ઉપા. શ્રી યશોવિજયજી મહારાજા આદિ અનેકોએ જે નવસર્જન કર્યા તેની પણ હસ્તલિખિત પ્રતિઓ મોટી સંખ્યામાં થઇ.. જે આજે પણ આપણને મળી શકે છે.

મુદ્રણયુગ આવ્યા પછી સૌપ્રથમ આગમગ્રંથો તથા ત્યારબાદ પ્રકરણ ગ્રંથો, ચરિત્રગ્રંથો વગેરેની હસ્તપ્રતો ઉપરથી પૂજ્ય વિદ્વાન ગુરુભગવંતો તથા કેટલાક વિદ્વાનોએ સંશોધન-સંપાદન કર્યા તથા જે તે સંસ્થાઓ તરફથી છપાયા. જેમાં અનેકોના સમય, શક્તિ અને શ્રમ લાગ્યા.. પણ મુદ્રણયુગનો પરિશ્રમ અલ્પ અને વધુ ફળદાયી રહ્યા... અભ્યાસ માટે અનેક ગ્રંથો સહજતાથી ઉપલબ્ધ થવાથી સાધુ-સાધ્વીજી ભગવંતોના અભ્યાસમાં સારો એવો વધારો થવા પામ્યો છે.

મુદ્રણયુગના પ્રારંભે છપાયેલા ગ્રંથો પણ આજે શતાબ્દી વિતાવી ગયા છે એ કાળના જૂના ભંડારોમાં એ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. પણ આજે તો એ ભંડારો'યે ખૂલતા નથી અને અનેક નવા ભંડારો અને અદ્યતન ટેકનોલોજીઓ સહિતની વ્યવસ્થાઓ વિકસી ગઇ છે.

સમયાનુસાર વર્તમાનના આચાર્ય ભગવંતોએ દીર્ઘદૃષ્ટિ વાપરીને પૂર્વ મુદ્રિત થયેલ અનેક ગ્રંથોના પુનરુદ્ધાર (રીપ્રીન્ટ) કર્યા જેથી હજીયે એ આપણને તથા સ્વરુપે ઉપલબ્ધ થાય છે. આ કાર્યમાં વર્તમાનમાં પ.પૂ. આ. શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ પ્રાચીન શ્રુતોદ્ધારક હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાનું નામ મોખરે ગણી શકાય. જેઓની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા આજ સુધીમાં ૪૦૦ થી અધિક ગ્રંથો રીપ્રીન્ટ થઇને ભારતભરના શ્રીસંઘોમાં ભેટ રૂપે મોકલ્યા છે. અને હજી પણ એ કાર્ય ચાલુ જ છે. શ્રી આશાપૂરણ જૈન જ્ઞાન ભંડાર દ્વારા પૂર્વ મુદ્રિત પ્રાય અપ્રાપ્ય એવા વિવિધ વિષયો ના ૨૦૧ ગ્રંથોને ડીજીટાઇજેશન દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે અને તેની મર્યાદિત નકલો જુદા જુદા શહેરોમાં આવે ઉત્તમ જ્ઞાન ભંડારોને ભેટ મોકલવામાં આવી છે. અન્ય પણ કેટલીક સંસ્થાઓ/સંઘોએ આ પ્રમાણે પુનરુદ્ધાર (રીપ્રીન્ટ) નાં કાર્યો કર્યા છે..તે સર્વેની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ..

## પ્રસ્તુત પુનર્મુદ્રણની પદ્ધતિ સંબંધી યોગ્ય વિચારણા

(૧) જે ગ્રંથનું પુનર્મુદ્રણ કરતા હોઇએ ત્યારે જૂના ગ્રંથની પ્રસ્તાવના, ગ્રંથના ભાષાંતરના શબ્દો તેમજ પરિશિષ્ટ વગેરે જુનામાં જેમ હોય તેમજ સ્કેનીંગ કરાવીને સંપૂર્ણપણે સર્વ વિગતોનો સમાવેશ કરીને પુનર્મુદ્રણ થતુ હોય છે. અને તેમ કરવું વ્યાજબી છે. હા, કદાચ પુનર્મુદ્રણ અંગે ખુલાસો લખવાનો હોય તો નવી વધારાની પ્રસ્તાવના કે પરિશિષ્ટનો ઉમેરો કરી શકાય. પણ જુનુ લખાણ તો જેમ છે તે રીતે જ આવી જાય તો તેને યોગ્ય પુનર્મુદ્રણ થયું કહેવાય.

વળી, પુનર્મુદ્રણ કરાતો ગ્રંથો ઘણો જુનો હોય અને લિપિ ઘણી જૂની હોય, ત્યાં સ્કેનીંગ કરીને રીપ્રીન્ટ ન કરાવતાં, ફરીથી કંપોઝ કરાવીને પ્રકાશિત કરવો વધુ યોગ્ય છે.

(૨) આગમો કે અન્ય મહત્વના પ્રકરણ ગ્રંથો રીપ્રીન્ટ કરવાથી આગામી પેઢીને એ સહજ પ્રાપ્ત થાય છે. એ છપાયેલ ગ્રંથોની આજના કાળે વિશેષ પ્રાચીન-શુદ્ધિકરણની હસ્તપ્રતો મળતી હોય તો તે આધારે પાઠભેદ-પાઠાંતરભેદ વગેરે નોંધીને સંપાદન થાય.

# ગ્રંથના પુનમુદ્રણ સંબંધી કેટલીક વિચારણા

અઘરા શબ્દો કે પદાર્થોની ટીપ્પણીઓ થાય. પ્રસ્તુત ગ્રંથનું અન્ય ગ્રંથો સાથે તુલનાત્મક અધ્યયન રજૂ થાય. નૂતન પરિશિષ્ટો, વિષયવાર અનુક્રમમાં સાથે સુંદર વિશદ સંપાદન થાય... તો સૌથી શ્રેષ્ઠ કાર્ય થાય..યોગ્ય વિદ્વાન અધિકારી વર્ગ તરફથી થયેલા આવા સંપાદનો, પાછળની પેઢીને લાંબા સમય સુધી દીવાદાંડીની ગરજ સારતા હોય છે. જેમકે પૂ. શ્રી પુણ્યવિજયજી મ., પૂ. શ્રી જંબૂવિજયજી મ. આદિના પ્રકાશનો...

જો હસ્તપ્રત આદિ પરથી વિશિષ્ટ સંપાદન ન કરવાનું હોય ત્યાં, જૂનું યથાવત્ રીપ્રીન્ટ કરવુ વધુ હિતાવહ છે. જૂના છપાયેલ ગ્રંથો ને કંપોઝ કરી, પ્રુફ ચેક કરીને વિશિષ્ટ સંશોધન-સંપાદન વિના છાપવામાં આવે તો, જૂના કરતાં નવા કંપોઝ કરેલ ગ્રંથોમાં અશુદ્ધિઓ અનેક ગણી વધી જાય છે. આવું અનેક ગ્રંથોમાં થયાનો અનુભવ જોવાય છે.. માટે આ સંદર્ભે એ વિવેક કરવો જરૂરી છે.

વળી, પુનઃસંપાદનમાં પ્રથમના સંપાદકે અથાક મહેનત કરીને ગ્રંથ-ગ્રંથકારનો પરિચય આપ્યો હોય, તે બધુ જ નવા સંપાદન વખતે સમાવિષ્ટ કરવું જોઇએ. વધારાની પૂરવણી નૂતન સંપાદક કરી શકે..તેમજ જૂની વિગત સંબંધી કઇંક ફેરફાર પણ સૂચવી શકાય

પ્રથમ સંપાદકે પરિશિષ્ટ રૂપે શબ્દાર્થ, ગાથાક્રમ કે અન્ય ઉદ્ધરણ ગ્રંથોના નામ આદિ આપ્યા હોય તે પણ નૂતન સંપાદનમાં લઇ લેવા જોઇએ. જેથી પૂર્વ સંપાદકની અપાર મહેનત એળે ન જાય.

જ્યારે પણ ભાષાંતર કે ભાવાનુવાદનો ગ્રંથ હોય ત્યારે તેમાં વપરાયેલો પારિભાષિક શબ્દોની જાળવણીમાં ખૂબ ચીવટ રાખવી જરૂરી છે. ભાષાની બોલી-ઢબ ભલે બદલાય, પરંતુ પારિભાષિક શબ્દો પરિષહ-ઉપસર્ગ-ગોચરી-સ્યાદ્વાદ-મહાવ્રત વગેરે ન બદલાય તેનું ધ્યાન રાખવું.

દા.ત. : જૈન સાગા - હેલેનના અંગ્રેજી પુસ્તકોમાં વપરાયેલા પારિભાષિક શબ્દો અને નૂતન સંપાદિત જૈન સાગા માં ખૂબ જ ફેર છે.

(૨) ચત્વારઃ કર્મ ગ્રંથ :- શ્રી ચતુરવિજયજીના જૂના મૂળ પુસ્તકમાં છ પરિશિષ્ટો આપેલા છે. નૂતન સંપાદિત આવૃતિમાં પ્રસ્તાવનામાં તેનો ઉલ્લેખ છે. પણ પ્રીન્ટીંગમાં તે રહી ગયેલ છે.

આ રીતે અમારા ક્ષયોપશમ અનુસાર સામાન્ય વિચારણા કરી છે. વિદ્વાન ગુરુભગવંતોને ક્ષતિ નિર્દેશ માટે ભાવભરી વિનંતી....

---

અનુસંધાન.... પાન નં-૩ નું ચાલુ...

અને જૈન સિવાય જૈનેતરમાં પણ ખૂબ લોકપ્રિય બન્યા છે. આવા લોકભોગ્ય પુસ્તકો સિવાય પણ પ્રકરણ ગ્રંથો ઉપર પણ વિવેચન, ધર્મરત્ન પ્રકરણ, રત્નાકર પચ્ચીસી, અધ્યાત્મકલ્પદ્રુમ વગેરે ઉપર સરળ રસાળ ભાષામાં વિવેચન કરવામાં આવેલ છે. તેઓના ૩૦૦ માં પુસ્તકનો વિમોચન પ્રસંગે ભવ્ય પ્રોગ્રામ જાન્યુઆરી ૨૦૧૬માં રાખવામાં આવેલ છે. આ બધા જ પુસ્તકો www.ratnaworld.com ઉપર ઉપલબ્ધ છે.

પ્રાચીન શ્રુતોદ્ધારક પૂજ્ય આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિજીના શિષ્ય પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરિજી દ્વારા લેખિત વિવિધ વિષયોના લેખ-સંગ્રહ જે આધ્યાત્મિકતા થી ભરપુર છે. અને પ્રવચન વગેરે માટે પણ ઉપયોગી સાહિત્ય અપ્રકાશિત છે તેની નોટબુક અમારી પાસે ઉપલબ્ધ છે. જિજ્ઞાસુ ગુરુભગવંતો અને શ્રાવકોને જરૂર હોય તો અમારી પાસેથી મંગાવી લાભ આપશોજી.

| | | |
|---|---|---|
| (૧) | ત્રિપદી શતકમભાગ-૧, ૨, ૩ | ૧ થી ૧૧૫ લેખનો સંગ્રહ |
| (૨) | માર્ગાનુ સારિતા ભાગ-૧ | ૧ થી ૧૭ ગુણોનું વિવેચન |
| (૩) | નવપદ પ્રદક્ષિણા | નવપદ ઓળીના પ્રવચનો |
| (૪) | શત્રુંજય પોઇન્ટ્સ | યાત્રા ભાવયાત્રા માટે ઉપયોગી |
| (૫) | સંદર્ભ સંચય | દૃષ્ટાંત, શ્લોક, કવિતા વગેરેનો વિષયવાર સંગ્રહ |
| (૬) | સંદર્ભ સમુહ (૭) સંદર્ભ સંગ્રહ | દૃષ્ટાંત, શ્લોક, કવિતા વગેરેનો વિષયવાદ સંગ્રહ |
| (૮) | ચત્તારિ શરણં પ્રવજ્જામી | અમૃતવેલ સજ્જાય ભાગ-૧ |
| (૯) | ભગવતી સૂત્ર સંવેદના | શિષ્યત્વનું સૌંદર્ય |
| (૧૦) | આદિનાથને વંદન અમારા | સ્તવનો - પ્રવચનો |
| (૧૧) | અગમલેખ સંગ્રહ | વિવિધ વિષયોના હિન્દી, ગુજ. લેખ ૧૯ નો સંગ્રહ |
| (૧૨) | ઓર ન ચાહે રે કંત | સ્તવન સંવેદના |
| (૧૩) | આઇ રે આઇ અંજનશલાકા | સ્ટેજ પ્રોગ્રામ- ગીતો |
| (૧૪) | પ્રેરણાનું ઝરણું | જાહેર જનતા યોગ્ય લેખ સંગ્રહ |

પૂજ્યશ્રીના શિષ્ય દ્વારા પરમપાવન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પરની સૌથી પ્રાચીન અને ન્યાય પંક્તિઓથી કલિષ્ટ એવી વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજી કૃત ટીકાનું ભાષાંતર થયેલ હસ્તલિખિત કોપી અમારી પાસે ઉપલબ્ધ છે. જે કોઇપણ સાધુ-સાધ્વીજી ભગવંતોને અભ્યાસ માટે જરૂર હોય તો લાભ આપશોજી.

જે કોઇને નૂતન મંદિરનિર્માણના પ્રારંભિક ચરણરૂપે ખાતમુહૂર્ત અને શિલાન્યાસની વિધિની આવશ્યકતા હોય તેઓ સંપર્ક કરી શકે છે.

પૂજ્ય ગુરુભગવંતોએ જુદા જુદા વિષયોના પોતાના અભ્યાસ માટે તેઓના સ્વહસ્તાક્ષરમાં બનાવેલ નોટો અમારી પાસે ઉપલબ્ધ છે. તો જે તે વિષયના અભ્યાસ માટે જરૂર હોય તો અમોને લાભ આપશોજી.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org